# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૨-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી પ્રચાર :

લોકસભાના ત્રીજા તબક્કા માટે 10 રાજ્યો તેમજ એક કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 93 બેઠકો પર, 7 મેના રોજ મતદાન થશે.

ત્રીજા તબક્કા માટે વિવિધ રાજ્યોમાં અભિયાન તેજ બન્યું છે.વિવિધ પાર્ટીઓના સ્ટાર પ્રચારકો નાગરિકોને રિઝવવાના પ્રયાસો કરી રહ્યા છે.ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતનો આજે બીજો દિવસ છે.શ્રી મોદીએ વલ્લભવિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં સભાને સંબોધતા ભાજપ સરકારની સિદ્ધીઓ લેખાવી હતી.

પ્રધાનમંત્રી મોદીએ આણંદ બાદ સુરેન્દ્રનગરમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું.તો આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેઝરીવાલના પત્ની સુનિતા કેજરીવાલ આજે ગુજરાતની મુલાકાતે છે.

**RNU અમદાવાદ**

---

## પદ્મ પુરસ્કાર-નામાંકન :

પદ્મ પુરસ્કાર 2025 માટે ઓનલાઈન નામાંકન અને ભલામણો શરૂ થઈ છે . પદ્મ પુરસ્કારો માટે નામાંકન માટેની છેલ્લી તારીખ 15મી સપ્ટેમ્બર 2024 છે .પદ્મ

પુરસ્કારો માટેના નામાંકન /ભલામણો રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ- **awards.gov.in** પર ઓનલાઈન પ્રાપ્ત થશે.

પદ્મ પુરસ્કારો,એટલે કે,પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. આ પુરસ્કાર કલા,સાહિત્ય અને શિક્ષણ, રમતગમત,દવા,સામાજિક કાર્ય,વિજ્ઞાન અને એન્જિનિયરિંગ,જાહેર બાબતો,નાગરિક સેવા,વેપાર અને ઉદ્યોગ સહિત તમામ કાર્યક્ષેત્રમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ અને સેવા માટે આપવામાં આવે છે .

**RNU અમદાવાદ**

---

## ચારધામ યાત્રા :

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાને લઈને રાજ્ય સરકાર દ્વારા અંતિમ ચરણની તૈયારીઓ ચાલી રહી છે.આ વર્ષની તીર્થ યાત્રાને વધુ દિવ્ય અને ભવ્ય બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.રાજ્ય સરકારે શ્રદ્ધાળુઓની સુવિધા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે.

ઉત્તરાખંડના મુખ્ય સચિવે આ વિશે તમામ રાજ્યોના મુખ્ય સચિવને એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે યાત્રાના પ્રથમ પંદર દિવસમાં વિશેષ રૂપે કેદરનાથ ધામમાં VIP યાત્રાઓને ઓછી કરવા પર ભાર મૂક્યો છે.જેથી સામાન્ય શ્રદ્ધાળુઓને અગવડ ન પડે.દરમિયાન યાત્રા બાબતે કોઈ ગેરરીતિ ન થાય એ માટે સત્તાવાર રીતે IRCTC દ્વારા ચાર ધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવા બુક કરવાની અપીલ કરાઈ છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------------------------

## કચ્છ-બેલેટ પેપરથી મતદાન :

મતદાનના દિવસે મતદારો સુચારૂ રીતે મતદાન કરી શકે તે માટે ફરજ પર તૈનાત પોલીસ,SRPF,સરકારી કર્મચારીઓ અને આવશ્યક સેવાના મતદારો માટે બેલેટ પેપરથી મતદાનની સુવિધા પુરી પાડવામાં આવે છે.કચ્છના તમામ ૦૬ વિધાનસભા મત વિસ્તારમાં પોલીસ,SRPF,સરકારી કર્મચારીઓ અને આવશ્યક સેવાના મતદારો આજથી ત્રણ દિવસ સુધી બેલેટ પેપરના માધ્યમથી મતદાન કરશે.

પોસ્ટલ બેલેટથી મત આપી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીની પવિત્ર અને નૈતિક ફરજ પોલીસ, SRPF, સરકારી કર્મચારીઓ અને આવશ્યક સેવાના મતદારોએ નિભાવી હતી.ગેઝેટેડ અધિકારીઓની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બેલેટ પેપરથી મતદાનની પ્રક્રિયા સમગ્ર જિલ્લામાં યોજવામાં આવી રહી છે.ભુજ સહિત તમામ ફેસિલિટેશન સેન્ટર ખાતે સવારથી મતદાન પ્રક્રિયા યોજવામાં આવી હતી.

**માહિતી ખાતું**

------------------------------------------------------------------------------------------

## લોકસભા ચુંટણી-ડ્રાય ડે :

લોકસભા ચૂંટણી દરમિયાન મતદાન મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં યોજાઈ તે હેતુથી દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલો છે.મતદાનના દિવસે મતદાન પુરું થવાના સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં એટલે કે તા.૦૫ થી તા.૦૭ મેના સાંજના ૬ વાગ્યા સુધી ડ્રાય ડે જાહેર કરવામાં આવેલો છે.

મતગણતરીનો દિવસ એટલે કે આગામી તા.૦૪ જુન સહિત કચ્છ જિલ્લાની દારૂના વેચાણ માટેની દુકાનો તથા નશાકારક વેચાણના પરવાના હેઠળની તમામ દુકાનો બંધ રાખવા જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા હુકમ કરવામાં આવેલો છે.

**માહિતી ખાતું**

---

## કલેકટર-જાહેરખબર મંજુરી :

સીઈઓ ગાંધીનગરની માર્ગદર્શિકા અનુસાર કચ્છમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે.

પ્રિન્ટ,ઇલેક્ટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયા સહિત જાહેરાત આપવા માટે ઉમેદવારોની જાહેરાતનું નિરીક્ષણ કર્યા પછી કોઈ સુધારા વધારા સૂચવવામાં આવ્યા ન હોય અને બપોરના ૧૨.૦૦ વાગ્યા પહેલા અરજી આપવામાં આવી હોય એવા કેસમાં માત્ર ૨૪ કલાકમાં જાહેરખબરની મંજૂરી મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આચારસંહિતા દરમિયાન સોશિયલ મીડિયા સહિત કોઈપણ પ્રકારની જાહેરાત માટે એમસીએમસીની મંજૂરી લેવાની રહેશે અને ઈ-પેપરમાં પણ તમામ દિવસોમાં મંજૂરી લેવાની રહેશે.માત્ર અખબારોના કિસ્સામાં મતદાનનો દિવસ અને તેના આગલા દિવસે એમ બે દિવસ માટે સર્ટિફિકેટ લેવું જરૂરી છે.આ અંગેનું અરજી ફોર્મ જિલ્લા માહિતી કચેરી ભુજ ખાતે ઉપલબ્ધ છે.

**માહિતી ખાતું**

---

## હવામાન :

મહત્તમ તાપમાનમાં સામાન્ય ઉતાર ચડાવ વચ્ચે લૂ ઓકતા વાયરાથી કચ્છનું જનજીવન ત્રસ્ત બન્યું છે.હવામાન વિભાગે વધુ પાંચ દિવસ માટે આકરા તાપનું યેલો એલર્ટ જારી કરી ગરમીનું પ્રમાણ જળવાયેલું રહેવાની શકયતા દેખાડી છે.